No. of Printed Pages : 4 **BGULA-135**

# B.A. General (BAG)

# Term-End Examination

# December, 2025

## BGULA-135 : Modern Indian Language : GUJARATI

*Duration : 3 Hours* *Maximum Marks: 100*

છાપેલા પાનાની સંખ્યા: 4 **BGULA-135**

# બીએ સામાન્ય (BAG)

# સત્રાંત પરીક્ષા

# ડિસેમ્બર – 2025

## BGULA-135 : આધુનિક ભારતીય ભાષા-ગુજરાતી

*સમય: 3 કલાક* *મહત્તમ ગુણ: 100*

---

**Note:** 1. બધા સવાલોના જવાબ આપવા જરૂરી છે.

2. સૂચના પ્રમાણે જવાબ આપો.

---



Downloaded from www.IGNOUBABA.com

1. નીચેનામાંથી કોઈ ચાર વિશે લખો (20)

   (1) વાક્યના પ્રકાર

   (2) ગુજરાતી ભાષાની કોઈ એક વિકાસ ભૂમિકા

   (3) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ

   (4) કોઈપણ પાંચ સમાસ સમજાવો.

   (5) પ્રેમાનંદની આખ્યાનકળા

   (6) ગાંધીજીની આત્મકથાની ભાષા

2. નીચેનામાંથી કોઈ ચારના જવાબ આપો (20)

   (1) સુધારકયુગના બે કવિનું પ્રદાન

   (2) અખાના છપ્પા

   (3) પંડિતયુગના બે કવિનું પ્રદાન

   (4) ગાંધીયુગનાં લક્ષણો

   (5) રઘુવીર ચૌધરીની કોઈ એક નવલકથા

   (6) ગીત કવિ રમેશ પારેખ

3. નીચેનામાંથી કોઈ એક વિશે નિબંધ લખો (10)

   (1) અયોધ્યામાં રામમંદિર

   (2) વિજ્ઞાન અને નિત્યજીવન



Downloaded from www.IGNOUBABA.com

(3) વિસરાતી બાળરમતો

4. તમારી વીમા પૉલિસીમાં નવું સરનામું દાખલ કરાવવા માટે જીવનવીમા કોર્પોરેશનના અધિકારીને અરજી કરો. (5)

5. નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો (દસ) (10)

(1) પાંડિચેરીના સાધક કવિ તરીકે ગાંધીયુગના કયા કવિનું નામ જાણીતું છે?

(2) ચંચળ અને નંદુ પાત્રો કઈ એકાંકીમાં છે?

(3) મણિલાલ દ્વિવેદીનું સામયિક કયું છે?

(4) ચા-કોફી શબ્દનો સમાસ કયો?

(5) ગુજરાતીની પ્રથમ અર્વાચીન કવિતા કઈ છે?

(6) ગુજરાતી ભાષાનો પ્રકંપી ધ્વનિ કયો છે?

(7) કુંભાર, હાથ અને કર્ણમાંથી તત્સમ્ શબ્દ કયો છે?

(8) શૌરસેની પ્રાકૃતમાંથી કયું ભાષાજૂથ અલગ પડ્યું?

(9) 'રમેશ મેદાનમાં ઝડપથી દોડ્યો' વાક્યમાંથી ક્રિયા વિશેષણનું પદ ઓળખાવો.

(10) સર્વનામની વ્યાખ્યા આપો.

(11) શરીરના અંગને લગતી કોઈ એક કહેવત કહો.

(12) જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી કવિનું નામ આપો.



Downloaded from www.IGNOUBABA.com

6. નીચેનામાંથી કોઈ <u>પાંચ</u> પ્રશ્નોના જવાબ આપો. (30)

(1) વૈષ્ણવજનનાં લક્ષણોની યાદી બનાવો.

(2) ગુજરાતનાં તીર્થસ્થાનો જણાવો.

(3) કોચમેન અલીડોસાનું પાત્રાલેખન.

(4) 'બારણે ટકોરા' શીર્ષક તપાસો.

(5) 'ઘર' નિબંધમાં કયા પ્રકારની સંવેદનાઓ પ્રગટ થઈ છે?

(6) ગુજરાતી ભાષાના સ્વરો અને વ્યંજનો દર્શાવો.

7. નીચેના ગદ્યખંડનો સારાંશ લખો. (5)

ઘર કાનો માત્રા વિનાનો બે અક્ષરી શબ્દ છે, પણ એ કેવળ શબ્દ નથી. આખું જીવન એની સાથે સંકળાયેલું છે. પક્ષીને પણ પોતાનો માળો હોય છે. વાઘ, સિંહ જેવાં પશુને પણ પોતાની ગુફા હોય છે. ઘરેથી નીકળીને માણસ જ્યાં સુધી ઘરે પહોંચતો નથી, પથારીમાં સૂતો નથી ત્યાં સુધી તેને જંપ વળતો નથી. ઘર આગળ ફાઈવસ્ટાર હોટલ ફિક્કી લાગે છે. ઘર એટલે માત્ર સલામતીનું છાપરું નહિં, પણ ઘર એટલે હૂંફ. ગમે તેટલો ગરીબ માણસ હોય, પણ ઘરમાં એ રાજા છે, પુરુષ માટે જે ઘર છે તે સ્ત્રી માટે કિલ્લો છે. ઘરની મજા એ છે કે તમે તમારી રીતે વર્તી શકો છો, જેવા છો તેવા પ્રગટ થઈ શકો છો. જેમની ચેતનાનો વિસ્તાર થયો છે, તેમની ઘરની કલ્પના ઘણી વ્યાપક હોય છે.???



Downloaded from www.IGNOUBABA.com